# પલટાતી દુનિયામાં ગાંધી

કાન્તિ શાહ

GJ
891.474
Sh 136 P

યજ્ઞ પ્રકાશન
હુઝરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧

# પ્રાસ્તાવિક

આઝાદી અગાઉ સ્વરાજ્યનું ગુલાબી ચિત્ર ગાંધીજીએ દોરેલું. હિંદ સ્વરાજ્ય, રામરાજ્ય વગેરે નામે તેમણે કેટલીક વાતો કરેલી, કોંગ્રેસ પક્ષે પણ બાપુની વાતોનો વિરોધ નહોતો કર્યો. પણ આઝાદી પછી તરત જ બાપુ દુનિયા છોડી ગયા અને દેશની ધુરા જેમના હાથમાં આવી તેમને આ દેશની સંસ્કૃતિ, વસ્તી, હવામાન, સામાજિક અને આર્થિક પરિસ્થિતિ તથા અન્ય પરિબળોનો ક્યાસ કાઢી તેમાંથી વિકાસનું આયોજન કરવાની ગતાગમ ન હતી. વિકસિત દેશોની ઝાકઝમાળવાળી ભૌતિક પ્રગતિથી અંજાઈ તેમણે આ મહાન દેશને પણ તે જ માર્ગે દોરવાનું આયોજન કર્યું. હવે ૪૬–૪૭ વર્ષ પછી તે આયોજન ગેરમાર્ગે દોરનારું હતું તેની પ્રતીતિ સૌને થવા માંડી છે.

પણ આ દરમિયાન બગડવાનું ઘણું બધું બગડી ગયું છે. દેશે પોતાની ભૂમિ, ભાષા, ધર્મ, સાંસ્કૃતિક વારસો, નીતિની સાટે મુઠ્ઠીભર માણસો માટે ભૌતિક સમૃદ્ધિ આણી અને તે સાથે દેશ દેવાદાર થઈ ગયો છે. રાજકીય આઝાદી પણ આર્થિક અને સાંસ્કૃતિક ગુલામીની આડે ઢંકાઈ નિરર્થક બની ગઈ છે. બગાડવાનું કેટલું ઝડપી અને સરળ છે! બનાવતા સદીઓ વીતે છે.

દુનિયા પલટાઈ રહી છે પણ હજી પલટાવાનું ચક્ર બંધ નથી પડ્યું. જે વિકસિત દેશોની ભૌતિક પ્રગતિ જોઈ આપણા દેશનેતાઓ અંજાઈ ગયા હતા તે દેશોમાંયે હવે પ્રગતિની આ તરાહ અંગે વિવાદ શરૂ થઈ ગયો છે. માણસને કેન્દ્રમાં રાખીને ભૌતિક પ્રગતિની દોડમાં સમષ્ટિના પર્યાવરણનું સંતુલન ખોરવાઈ રહ્યું છે. ન સુધારી શકાય તેવી કેટલીક કાયમી હાનિ થઈ ચૂકી છે અને હજી થઈ રહી છે. હવા-પાણીનું પ્રદૂષણ, અસમાનતા, શોષણ,

( જુઓ પૂંઠા પાન ૪ )

# પલટાતી દુનિયામાં ગાંધી

કાન્તિ શાહ

યજ્ઞ પ્રકાશન
ભૂમિપુત્ર, હુઝરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧

બે રૂપિયા

પ્રથમ આવૃત્તિ
જાન્યુઆરી ૧૯૯૫ પ્રત ૨,૦૦૦

INDIAN INSTITUTE OF ADVANCED STUDY
Acc. No. 130374
Date 14-9-2010
SIMLA

GJ
891.474
SH 136 P

Library IIAS, Shimla
GJ 891.474 SH 136 P
00130374

પ્રકાશક
કાન્તિ શાહ
યજ્ઞ પ્રકાશન સમિતિ, હુઝરાતપાગા, વડોદરા-૧

મુદ્રક
જગદીશ શાહ
યજ્ઞ મુદ્રિકા, હુઝરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧

# પલટાતી દુનિયામાં ગાંધી

### કાન્તિ શાહ

ગાંધી વિષે વિચારતાં તેઓ એક અજબ માણસ લાગે છે. જીવવા માગતા હતા તેઓ સવાસો વર્ષ. મોટે ભાગે એવું જોવા મળે છે કે સામાન્ય માણસ ૬૦–૭૦ની ઉંમર થવા લાગે એટલે જુદી જુદી શારીરિક વ્યાધિઓની ફરિયાદ કરવા માંડે છે, અને વૃદ્ધાવસ્થાના છેવાડે આવે ત્યારે તો દયામણા સ્વરે કહેવા લાગે છે, 'ભગવાન હવે ઉપાડી લે તો સારું.' ઈહલોકમાંથી એનો રસ ઊઠી જાય છે અને પરલોકની વાતો વધુ કરવા લાગે છે.— અને આ માણસ તો જુઓ! પંચોતેર વર્ષની ઉંમરે પૂરાં સવાસો વર્ષ જીવવાની ઇચ્છા બતાવે છે! એમની આ અંતરની ઇચ્છા હતી. વળી જીવવાનું તે પણ કર્મ કરતાં કરતાં, નિષ્કામ ભાવથી માનવજાતિની સેવા કરતાં કરતાં. સાચે જ અજબ માણસ હતો એ! હંમેશાં મને આ માનવ વિષે કૌતુક રહ્યું છે.

મને એમના દર્શનનું સદ્‌ભાગ્ય કદી પ્રાપ્ત ન થયું કે ન તો એમના નેતૃત્વ હેઠળનાં આંદોલનોમાં કે પ્રવૃત્તિઓમાં ભાગ લેવાનો અવસર મળ્યો. તથાપિ કોણ જાણે કેમ, તેઓ મને અપરિચિત નથી લાગતા, બલ્કે એક સ્વજન

જોવા લાગે છે. જેને કદી મળ્યો નથી, જેને કદી જોયા નથી એવા આ માનવ સાથે વિલક્ષણ પોતાપણું અનુભવું છું, હૃદયથી નિકટતા અનુભવું છું. તેઓ મને ઘરના જ, પરિવારના જ માણસ લાગ્યા છે.

મબલખ સાહિત્ય એમના વિષે અને સ્વયં એમના દ્વારા લખાયેલું મોજૂદ છે. તેમાંથી ઘણું ઓછું હું વાંચી શક્યો છું. 'કલેક્ટેડ વર્ક્સ' વગેરે પણ નથી જોયું. યત્કિંચિત્ વાંચ્યું હોય અને અધ્યયન કર્યું હોય તો એ છે એમનું પુસ્તક 'હિન્દ સ્વરાજ.' અનેક વાર આ પુસ્તક મેં વાંચ્યું છે, તેનો ઊંડાણથી અભ્યાસ કર્યો છે અને વિસ્તારથી એના વિષે લખ્યું પણ છે. મને તેમાં ગાંધીનો અંતરંગ પરિચય મળ્યો છે, ગાંધીની મૂળગત ઓળખ જણાઈ છે, ગાંધીના યુગકાર્યની પ્રતીતિ થઈ છે. 'હિન્દ સ્વરાજ'ને હું ગાંધીનો મેનિફેસ્ટો માનું છું, સર્વોદયનું ઘોષણાપત્ર માનું છું, એક સર્વનાશક ક્ષતિયુક્ત વિચારધારા સામેનો બુલંદ પડકાર માનું છું, એક નૂતન યુગનું પ્રવર્તક દિવ્ય દર્શન માનું છું. મારે માટે તો 'ગાંધી' એટલે 'હિન્દ સ્વરાજ'ના ગાંધી અને હું 'હિન્દ સ્વરાજ'નો એક અદનો સિપાઈ.

'હિન્દ સ્વરાજ'ના ગાંધી સમસ્ત માનવજાતિનો આત્મીય સ્વજન અને પરમ હિત-ચિંતક એક સહૃદયી મિત્ર છે. 'હિન્દ સ્વરાજ'ના પાને-પાને એક તરફડાટ છે, વ્યથા છે, હૈયાની વેદના છે, વ્યાકુળ હૃદયનો આર્તનાદ છે, બેચેન બની ગયેલા આત્માનો પોકાર છે. જાણે કે સહદેવના જેવું અતિજ્ઞાન એમને થઈ ગયું છે કે આ પથ પર સર્વનાશ ને સર્વનાશ જ છે. મારાં આપ્તજનોને એમાંથી કઇ રીતે ઉગારું? અરે, થોભો થોભો, જરા વિચારો! આત્મવિનાશની ગર્તા

તરફ આગળ ન વધો ! આ તો અગ્નિ છે, તમને ભસ્મ કરી નાખશે ! આ પુસ્તકમાં તર્કથી, બુદ્ધિથી સમજાવવાની પૂરી કોશિશ કરવામાં આવી છે, છતાં આપણા હૃદયને જે વાત સ્પર્શી જાય છે તે છે મનુષ્યજાતિને સર્વનાશમાંથી ઉગારી લેવાની એક મહામાનવના અંતરની આ વેદના, આ બેચેની. આ વેદનાનો સ્પર્શ થાય તો જ આપણે 'હિંદ સ્વરાજ'નો મર્મ પામી શકીશું.

આ મર્મને ઉજાગર કરતાં વિનોબાજીએ કહ્યું છે કે 'હિંદ સ્વરાજ'માં ગાંધીજીનું વિશુદ્ધ હૃદય પ્રગટ થાય છે. વિશુદ્ધ હૃદયમાં જ સત્યનું વિશુદ્ધ સ્વરૂપ, મૂળ સ્વરૂપ પ્રતિબિંબિત થાય છે. પ્રતિભા આને જ કહેવાય છે. प्रतिभासते इति प्रतिभा। જેમ સ્વચ્છ ને શુદ્ધ દર્પણ જ યથાતથ પ્રતિબિંબ ઝીલી શકે છે તેમ વિશુદ્ધ હૃદય મૂળગત સત્ય સ્વીકારી તેને પ્રગટ કરી શકે છે, મુખરિત કરી શકે છે. 'હિંદ સ્વરાજ'માં એવી જ પ્રતિભાની ઝલક જોવા મળે છે. વિશુદ્ધ હૃદયને લીધે જ બાહ્ય કલેવરની આરપાર જોવાની સૂક્ષ્મ દૃષ્ટિ, પારદર્શિતા તેમજ દૂર દૂર સુધી જોવાની આર્ષ-દૃષ્ટિ ગાંધીજીને મળી છે. આમાંથી જ આત્મપ્રતીતિની અવિચળતા, આત્મવિશ્વાસનો રણકાર અને અનાયાસ એક બુલંદી નીપજી છે.

ગાંધીજીએ ભૌતિકવાદી પશ્ચિમી સભ્યતા સામે જોર-શોરથી લલકાર કર્યો હતો. 'હિન્દ સ્વરાજ' લખાયું છે વીસમી સદીના પ્રારંભમાં જ— ૧૯૦૯ માં. ભૌતિકવાદી સભ્યતા ત્યારે પરાકાષ્ઠા પર હતી. ચારે તરફ એની બોલ-બાલા હતી. જાદુઈ રીતે તે સર્વત્ર ફેલાયેલી હતી અને સમસ્ત વિશ્વમાં એનું સામ્રાજ્ય હતું. પોતાની ઝાક-

ઝમાળથી તેણે બધાંને આંજી દીધાં હતાં. પરંતુ ગાંધીએ તેની સામે હાકલ કરી, તેનો સંપૂર્ણ અસ્વીકાર કર્યો, તેની તીવ્રતમ ટીકા કરી અને એની વિરુદ્ધ વિદ્રોહનો ઝંડો ઉઠાવ્યો. ગાંધી આ સભ્યતાના પ્રભાવમાં જરા પણ ખેંચાયા નહિ. બલ્કે, એમને ખ્યાલ આવી ગયો કે આ સભ્યતા એવી વિપરીત ફિલસૂફીના પાયા પર ઊભી છે, જે માનવદ્રોહી, અનીતિમય, આસુરી અને મનુષ્ય જાતિ માટે સર્વથા અકલ્યાણકારી છે.

નીકળ્યા હતા તેઓ હિન્દુસ્તાનને ગુલામીમાંથી છોડાવવાની વાત કરવા ને અંગ્રેજી સામ્રાજ્યને ખતમ કરવા, પરંતુ તેઓ ગુલામીની જડ સુધી પહોંચી ગયા. એમણે કહ્યું કે રાજકીય ગુલામીની જડ આ સભ્યતાની ગુલામીમાં છે. એક અજ્ઞાત ફિલસૂફીની માયાજાળમાં આપણે સપડાયેલા છીએ. કેવળ રાજકીય ગુલામીમાંથી છૂટવાનું નથી, આખી દુનિયામાં વ્યાપી રહેલા વૈચારિક સામ્રાજ્યવાદથી મુક્તિ મેળવવાની છે. એક પેલી ગુલામી છે તો આ ફિલસૂફીની ગુલામી છે. હિન્દુસ્તાનની સંસ્કૃતિ સાથે તે અસંગત છે. આ ફિલસૂફી તો હિન્દુસ્તાનને અને સમસ્ત માનવજાતિને સર્વનાશના માર્ગે ખેંચી જશે. એમાં નર્યું અકલ્યાણ ને અકલ્યાણ જ છે. આ સભ્યતાના મૂળમાં જ પાપ છે. નીતિધર્મના ત્રાજવે તોલીને મેં એ જોઈ લીધું છે.

'હિન્દ સ્વરાજ' આ ફિલસૂફીના આક્રમણ સામેના વિદ્રોહનું પુસ્તક છે. આ ફિલસૂફીના 'એસિડ ટેસ્ટ'નું પુસ્તક છે. આ ફિલસૂફીના વેધક અને સૂક્ષ્મ વિશ્લેષણનું પુસ્તક છે. ગાંધીએ કેટલીક કસોટીઓ, સાંસ્કૃતિક માપદંડો અને માનવીય મૂલ્યોના સંદર્ભમાં આ સભ્યતા ચકાસી જોઈ

અને બતાવ્યું કે તે (ઉક્ત સભ્યતા) કેટલી વિપરીત દિશામાં જઈ રહી છે. મારું માનવું છે કે તેમાં ગાંધીએ કંઈક એવી વાતો કહી છે જે ધ્રુવતારક–શી અચલ છે અને આજે પણ એટલી જ માર્ગદર્શક બની શકે છે. તેમાં બધી વાતો ગાંધીની પોતાની મૌલિક છે એવું પણ નથી. કેટલાક વિચારો તો સનાતન કાળથી અનેક મહાપુરુષો કહેતા આવ્યા છે. કેટલાક વિચારો અર્વાચીન સંદર્ભમાંથી જન્મેલા ગાંધીના પોતાના છે. વિનોબાજીએ સાચું જ કહ્યું છે કે ગાંધી એક વિરલ મહાપુરુષ હતા, જેમના વ્યક્તિત્વમાં આપણે પુરાતન પરંપરાનું ફળ પામ્યા અને નૂતન અર્વાચીન પરંપરાનું બીજ.

આમ ગાંધીએ કેટલાક આધારરૂપ વિચારો આપ્યા છે, જે ધ્રુવતારક સમાન અચળ છે. પૃથ્વી નિરંતર ફરે છે. દુનિયા સતત બદલાયા કરે છે, પણ ધ્રુવતારક અવિચળ છે. પલટાતી દુનિયામાં ગાંધીનાં કેટલાંક તત્ત્વો પણ આ જ રીતે અવિચળ છે.

ગાંધીની વાતો હમેશા સીધી, સાદી અને સરળ છે. તેઓ શાસ્ત્રના માણસ ન હતા. એટલે એમણે જગત સામે મૂકેલાં તત્ત્વો અત્યંત સરળ છે. વસ્તુતઃ સત્ય અતિ સરળ છે. આપણે વ્યર્થ તર્ક ને બુદ્ધિથી એને ગૂંચવી નાખીએ છીએ. 'હિંદ સ્વરાજ'માં વિશુદ્ધ હૃદયથી રજૂ કરેલાં તથ્યો એવાં જ સરળ છે. આપણે પણ એમને વિશુદ્ધ હૃદયથી ગ્રહણ કરવાની ને સમજવાની કોશિશ કરીશું તો સહજ આત્મસાત્ થઈ જશે.

ગાંધીએ આ સભ્યતાના રોગનું મૂળ બરાબર પારખી લીધું હતું. આ સભ્યતા ભૌતિકવાદી છે, ઇન્દ્રિયસુખ એનું મુખ્ય ધ્યેય છે, તેની જ પાછળ આંખો બંધ કરીને તે

દોડી રહી છે અને ભોગના વિધવિધ સાધનો એકત્ર કરવામાં જ તે એટલી મશગૂલ છે કે ઇતર ઉમદા પ્રવૃત્તિઓ માટે એને જરા સરખી ફુરસદ નથી. ગાંધીએ ટકોર કરી, 'આ સભ્યતાની સાચી ઓળખ એ છે કે એમાં મનુષ્ય બાહ્ય ખોજોમાં અને શરીરસુખમાં સાર્થકતા માને છે અને પુરુષાર્થ પણ એને જ માને છે.'

આજે સુખવાદ અને ભોગવાદ કોઇ નવી વસ્તુ નથી રહી. મનુષ્ય સુખની પાછળ દોડયે જાય છે અને ભોગ માટે બેહદ લાલસા સેવે છે. પરંતુ ગાંધીની તીક્ષ્ણ અંતરદૃષ્ટિએ જોઈ લીધું કે આ સભ્યતા એને જ જીવનનું પરમ લક્ષ્ય માને છે, પોતાની તમામ શક્તિ, સમય ને સાધન-સામગ્રી એ જ ધ્યેયની પ્રાપ્તિ માટે પ્રયોજે છે, મનુષ્યનો મહત્તમ વિકાસ એમાં જ છે એમ માને છે અને પ્રગતિની એકમાત્ર પારાશીશી એને જ ગણે છે. નૂતન વિજ્ઞાનનો ઉદય થયો છે, પણ તેય ભોગવાદનો ભેરુ બની ગયો છે. બહુધા વિજ્ઞાન ભોગવાદનું ગુલામ અને હાથચાલાકીનું સાધન ભાસે છે, આ સભ્યતાએ પોતાનું કામ સાધી લેવા માટે વિજ્ઞાનને હાથો બનાવી ભૌતિકવાદના સકંજામાં જકડી લીધું છે.

ગાંધીએ એ પણ જોયું કે આ ભૌતિકવાદી પશ્ચિમી સભ્યતા સ્પર્ધાને પરમ સિદ્ધાંત માને છે. સ્પર્ધા તો અત્યંત નુકસાનકારક છે, પરંતુ આ સભ્યતાને એની દોસ્તી ગમે છે, કારણ કે તે પોતાનો સ્વાર્થ સાધવાને જ લક્ષ્ય માને છે. ગાંધીને સમજાઈ ગયું હતું કે આ રીતે તો મનુષ્ય સ્વાર્થની આંધળી દોડમાં બીજું બધું જ ભૂલી જશે. અરે, પોતાની મનુષ્યતા સુધ્ધાં ખોઈ બેસશે. મોટી માછલી નાનીને ગળી જાય, એ કંઈ માનવીય સંસ્કૃતિ નથી.

ગાંધીએ ઉત્કટ સૂરમાં કહ્યુ કે આ ખોટું છે, નિતાંત ખોટું છે. તેઓ આર્ત સ્વરે સમજાવવા માગતા હતા કે આ મિથ્યા માર્ગે મનુષ્યને કદી સુખ નહિ મળે.

આજે આટલાં વર્ષો પછી શી સ્થિતિ છે? આપણો પ્રત્યક્ષ અનુભવ શું કહે છે? ગાંધીના જમાના કરતાં આજે ભોગવાદ અનેક-ગણો વધી ગયો છે. ચારે બાજુ સુખવાદી સાધનોની બોલબાલા છે. કહેવાય છે કે જરૂરિયાત શોધની જનની છે. ( Necessity is the mother of invention. ) વાસ્તવમાં આજે ઊલટું છે. નફાખોરીના ઉદ્દેશ્યથી નવી નવી અને કેટલીક તો નકામી ને બિનઉપયોગી ચીજ-વસ્તુઓ બનાવવામાં આવે છે અને પછી ધૂમ પ્રચાર અને પ્રલોભનકારી વિજ્ઞાપનો દ્વારા લોકોના મનમાં એમની કૃત્રિમ માંગ ઊભી કરવામાં આવે છે. મનુષ્ય ઉપભોક્તાવાદ (consumerism)નો શિકાર બન્યો છે.

—અને તો ય જીવનમાં સુખ કે સંતોષ છે ખરાં? જેવી રીતે સમુદ્રના ખારા પાણીથી તરસ છીપતી નથી, વધુ તીવ્ર થાય છે, તેવું જ આ ભોગવાદનું છે. સમાજમાં હિંસા, નશાખોરી, માનસિક બિમારીઓ વગેરે વધતાં જાય છે. બ્રિટન—અમેરિકાની ઇસ્પિતાલોની અડધા ભાગની રૂમો આવા દરદીઓથી ભરચક છે. એમને શારીરિક નહિ, માનસિક બિમારી છે. સુખસુવિધાના પ્રચુર સાધનોથી સંપન્ન અમેરિકામાં એક વર્ષમાં ચાર લાખ કિશોરો (Teen-agers) એ આપઘાતનો પ્રયાસ કર્યો. આ બધું એક બાબતનો નિર્દેશ કરે છે કે આજની સમાજ-વ્યવસ્થામાં ક્યાંક ગરબડ છે, ક્ષતિ છે. ભોગવાદ વધારતા રહેવાથી મનુષ્યને સુખ મળી શકતું નથી.

જેટલી ભોગવાદ બેહૂદી ને બિભત્સ ચીજ છે તેનાથી અનેકગણું બિભત્સ છે ભોગવાદ અને ભૂખમરાનું સહ-અસ્તિત્વ. આજની સભ્યતામાં એક તરફ અતિ ભોગવાદ છે, તો બીજી તરફ દારૂણ ગરીબી, કંગાલિયત અને ભીષણ અભાવગ્રસ્તતા છે. આપણા કેટલાય માનવબંધુઓને પેટ-પૂરતું ખાવાનું મળતું નથી અને જીવનની અન્ય પ્રાથમિક જરૂરિયાતોની પૂર્તિ થતી નથી. અરે, અન્નના અભાવથી લાખો લોકો મરી રહ્યા છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના આંકડા બોલે છે—દુનિયામાં આશરે ૭૦ કરોડ લોકો ભૂખમરાથી પીડિત છે. પ્રતિ વર્ષ દોઢ કરોડ લોકો એ રીતે મરણ પામે છે. અર્થાત્ પ્રતિ સેકન્ડ એક માનવ. મિત્રો ! આ બોલવામાં જ મને એક મિનિટ લાગી. આટલા સમયમાં આ પૃથ્વી પર કોઈ ને કોઈ જગ્યાએ ૩૦ માણસો અન્નના અભાવે મરણને શરણ થઈ ગયા હશે.

સોમાલિયામાં આશરે ત્રીજા ભાગની પ્રજા અન્નના તીવ્ર અભાવમાં જીવી રહી છે. હમણાં ત્યાં પાંચ વર્ષથી નાની ઉંમરનાં પચીસ ટકા બાળકો ભૂખમરાને કારણે મરી ગયાં. આયર્લેન્ડનાં મહિલા પ્રમુખ મેરી રોબીન્સ ત્યાં ગયાં હતાં. લોકોની કંગાલિયત અને લાચારી એમનાથી જોવાઈ નહિ. પાછા ફરતાં નાઈ રોબીની પત્રકાર–પરિષદમાં તે ધ્રૂસકે ધ્રૂસકે રોઈ પડ્યાં. ડૂસકાં ભરતાં ભરતાં બોલ્યાં, “ મારું હૃદય શરમ, શરમ, શરમ... પોકારી ઊઠે છે. આપણે પોતાને વિકસિત કહેવડાવીએ છીએ અને આપણે જ માનવતા વીસરી ગયા છીએ. માનવી મરતો રહ્યો અને આપણે જોતાં જ રહ્યાં ? ! ”

વિકાસની વેદી પર આ માનવબલિ ચઢાવવામાં આવી રહ્યા છે. લગભગ દરેક દેશમાં આ સ્થિતિ છે. સમાજના

નિમ્નતમ સ્તરના લોકો બિલકુલ ઉપેક્ષિત છે, જ્યારે ઉપલા સ્તરના લોકોની અનેકાનેક ઘેલછાઓ પૂરી કરવામાં આવે છે. કહે છે કે આપણા દેશમાં પણ આશરે ૪૦ % પ્રજાને પર્યાપ્ત પોષણ મળતું નથી. સામાન્ય પ્રજાની ઘટતી જતી ખરીદશક્તિને કારણે કાપડની માંગ ઘટતી જાય છે. ૧૯૬૫માં વ્યક્તિ દીઠ ૧૬ મીટર કાપડ વેચાતું, ૧૯૮૫માં ૧૦ મીટર અને ૧૯૯૧માં ફક્ત ૮ મીટર.

આવો વિપરીત અને અમાનુષી વિકાસ રોકવા માટે ગાંધીએ ઉપનિષદોના જેવો એક મંત્ર આપ્યો— There is enough for everyone's need, but not for anyone's greed. પ્રકૃતિ દરેકની જરૂરિયાતને પહોંચી વળે તેમ છે, પરંતુ કોઈની પણ લાલસાને નહિ જ. દુનિયા કેટલી પણ બદલાય, ગાંધીનો આ મંત્ર ધ્રુવતારક સમાન અવિચલ રહેશે.

એવો જ એક મંત્ર ગાંધી યંત્રોની બાબતમાં આપી ગયા છે. યંત્રો પ્રત્યેના ગાંધીના અભિગમ વિષે ઠીક ઠીક વિવાદ ચાલતો જ રહ્યો છે; પરંતુ મને લાગે છે કે આ વિવાદ વ્યર્થ છે, બેબુનિયાદ છે. ગાંધીની વાત સાવ સીધી-સાદી છે. એમાં એમની 'અસામાન્ય સામાન્ય બુદ્ધિ' (Uncommon common sense)ની ઝલક જોવા મળે છે. વસ્તુની આરપાર જોઈ શકવાની અને એના હાર્દને પકડી લેવાની વિરલ શક્તિ એમનામાં હતી.

યંત્ર આવું જોઈએ ને તેવું જોઈએ—કશી ચર્ચા નહિ. ગાંધીએ સાલસતાથી કહી દીધું કે આ ભૌતિકવાદી સભ્યતા-માં યંત્રો તરફનું જે ગાંડપણ અને આંધળી દોડ છે, તે ધનની અમર્યાદ લોભ-લાલસાને કારણે [illegible], આખી



Acc. No. Date

દુનિયા પર પોતાનો સિક્કો જમાવવો, આખી દુનિયા લૂંટી લેવી; ધનની પાછળની આ આંધળી દોડ રોકાવી જોઈએ. યંત્રનો ઉદ્દેશ્ય છે માનવશ્રમનો બચાવ. એટલે યંત્રો પાછળનું મુખ્ય પ્રેરક બળ માનવપ્રેમ હોવું જોઈએ, નહિ કે ધનનો લોભ. અને કેવો પ્રેમ? તો ગાંધીએ એક વ્યવહારુ ઉદાહરણ આપ્યું —સિલાઇ મશીનની શોધ કરનાર સિંગરને પોતાની પત્ની માટે હતો તેવો પ્રેમ. રાતદિવસ હાથથી સિલાઈ કરવાના કંટાળાજનક કામમાંથી પત્નીને ઉગારવાનો ઉમદા ભાવ તેમને મશીનની શોધ તરફ લઈ ગયો. આમ, લોભની જગ્યાએ પ્રેમ મૂકો, બધું ઠીક થઈ રહેશે. રૂડાં વાનાં થશે.

મિત્રો! સત્ય સરળ હોય છે, અતિ સરળ. સરળ હૃદયથી તે તરત ગ્રાહ્ય બની જાય છે. ગાંધીના આ કસોટી-પથ્થરની મદદથી જોઉં છું તો સમજાય છે કે મારા પિંડવળના આદિવાસીની રોજીરોટી છીનવાઈ ન જાય અને કામની શોધમાં એણે સુરત-વલસાડ-મુંબઈ લાચારીથી ભટકવું ન પડે માટે કરીને અંબર ચરખા અને હાથરેંટિયાને બદલે મિલો ચલાવવાની ચેષ્ટાનો હું ઉગ્ર વિરોધ કરીશ. મારો માનવપ્રેમ મને આ માટે મજબૂર કરે છે. પરંતુ જો ભંગી-કામની કે કોલસાની ખાણોમાં કામ કરવાની વાત નીકળશે તો આ જ માનવપ્રેમ યંત્રમાનવ (રોબોટ) સુધ્ધાનું સમ-ર્થન કરવા માટે, મને મજબૂર કરશે. એવું ડર્ટી (ગંદું)ને ડેન્જરસ (જોખમી) કામ મારા કોઈ પણ માનવબંધુએ શા માટે કરવું પડે? અથવા તો કોઈ અતિ નાજુક કામ હોય ત્યાંયે હું છેલ્લામાં છેલ્લી શોધ મુજબના યંત્રનું સમર્થન કરીશ, પથરીના રોગમાં દરદીને પીડામુક્ત કરવા ઓપરેશનને બદલે લિથોટ્રીપ્સીનો ઉપયોગ થાય તેમાં જ માનવપ્રેમ છે.

ગાંધીએ કસોટીનો જે પથ્થર મને સોંપ્યો છે તેમાંથી જ હું આ યંત્ર-વિવેક શીખ્યો છું. લોભને સ્થાને પ્રેમને મૂકી દો. બસ, દૃષ્ટિ ઊઘડી જશે.

મહાદેવભાઈની ડાયરીમાં ફેરેરોના પ્રાચીન રોમ અને 'આધુનિક અમેરિકા' નામના એક પુસ્તકનો ઉલ્લેખ છે. તેમાં રોમન સમ્રાટ વેસ્પાસિયનનો એક કિસ્સો આપ્યો છે. એક માણસ આવ્યો. તેણે એક યંત્રનો નમૂનો સમ્રાટને બતાવ્યો. કહે, આ યંત્રને લીધે તમારે ઓછા મજૂરે કામ ચાલશે, ખર્ચ પણ ખાસ્સો ઘટી જશે અને ઉત્પાદન અનેકગણું થશે. સમ્રાટે રસપૂર્વક યંત્ર નીરખ્યું. તેની સંશોધન-વૃત્તિની સૂઝ-બૂઝની પ્રશંસા કરી, તેને ઇનામ આપી સન્માનિત કર્યો પણ તેના ગયા પછી તે યંત્રને ભંગાવી નાંખ્યું. કહે કે મનુષ્યના હાથમાંથી કામ ઝૂંટવી લેનારા અને મારી પ્રજાને ભૂખમરામાં ધકેલનારા આવા યંત્રની મને કોઈ જરૂર જ નથી.

જો પ્રેમ યંત્ર પર નહીં, માનવ પર હશે તો કોઈ પણ ડાહ્યો માણસ આમ જ કરશે. વિજ્ઞાન, ટેકનોલોજી વગેરે બધું છેવટે માનવ માટે તો છે.

ગાંધીએ કહ્યું, "યંત્રો માટેની આજની ઘેલછાને લીધે લાખો લોકો કામ વગર સડકો પર ભટકતા રહે છે. મારો વિરોધ એ ગાંડપણ સામે છે."

દરેક માણસને કંઈક ઉપયોગી કામ મળવું જોઈએ. તેમાં માનવનો સમુચિત વિકાસ છે. તેથી તો ગાંધીએ આપણને ચેતવ્યા છે કે, મનુષ્યોનાં અંગોને કામના અભાવે જડ અને બિનઉપયોગી બનાવી દેવા તરફ યંત્રોની પ્રવૃત્તિ ન હોવી જોઈએ.

પણ આજની ભૌતિકવાદી સભ્યતામાં મનુષ્ય નહીં, ધનલોભ મુખ્ય છે. તેને લીધે મનુષ્ય આજે ઘણી દયાજનક સ્થિતિમાં મુકાઈ ગયો છે. દુનિયાભરમાં આજે બેકારી એક સૌથી મુખ્ય અને છતાં ગૂંચવણ ભરેલો કોયડો બની ગઈ છે. આંતરરાષ્ટ્રીય મજૂર-સંગઠનના આંકડા પ્રમાણે આજે દુનિયામાં ૧૨ કરોડ બેકાર છે અને બીજા ૭૦ કરોડ તીવ્ર અર્ધબેકારીથી પીડિત છે. આપણા જેવા દેશોમાં જ નહીં, ઔદ્યોગિક રીતે અતિ વિકસિત દેશોમાંયે બેકારીની સમસ્યા વિકટ બની ગઈ છે. માલદાર કહેવાતા અમેરિકામાંયે આજે દર દશે એક જણ એટલે કે લગભગ અઢી કરોડ લોકો ધર્માદાના અન્નક્ષેત્રોમાંથી ખાવાનું પામે છે. બેકારીને લીધે તે લોકો કંગાળ, દીનહીન અને અસહાય દશામાં મુકાઈ ગયા છે. પશ્ચિમી યુરોપમાં સાડા ત્રણ કરોડ લોકો બેકાર છે. આ તે કેવી કાર્યક્ષમ પદ્ધતિ જે કરોડો-કરોડો લોકોની કાર્યક્ષમતાને શૂન્ય કરી દે છે!

આજેય આ અર્થવ્યવસ્થા ખરેખર તો અનર્થ વ્યવસ્થા છે, એક માનવભક્ષી વ્યવસ્થા છે. જાણે આધુનિક માનવ-ભક્ષી (મોડર્ન કેનિબાલિઝમ) જ છે. ગાંધીએ આની જ સામે બુલંદ પડકાર ફેંક્યો હતો. તેમના દિલમાં માનવપ્રેમ હતો. મિત્રો, આ યંત્રવાળી વાતને નાહક ગૂંચવી ન મારશો. ગાંધી ન તો આની વિરુદ્ધ હતા કે ન તો તેની વિરુદ્ધ હતા. તેઓ કોઈ યંત્રની વિરુદ્ધ ન હતા. તેઓ જો વિરુદ્ધ હતા તો અમાનવતાની વિરુદ્ધ હતા, અમર્યાદ લોભ-લાલસાની વિરુદ્ધ હતા, પ્રેમહીનતાની વિરુદ્ધ હતા, હૃદય-હીનતાની વિરુદ્ધ હતા.

આ માનવપ્રેમને લીધે તેમણે કહ્યું કે શહેરીકરણથી માનવનું કલ્યાણ નહીં થાય. આ ભૌતિકવાદી સભ્યતાને

લીધે જ્યારે ગામડાં તૂટવા માંડ્યાં ત્યારે માર્ક્સ ખુશ થયો. તેને લાગ્યું કે મારી પ્રોલિતેરિયત ક્રાંતિ માટે હવે અનુકૂળતા થશે. ત્યારે ગાંધીનો પ્રતિભાવ તેનાથી બિલકુલ ઊલટો જ હતો. તેમણે જોયું કે આ તો માનવને માટે એક મોટું સંકટ જ છે, તેનાથી માનવ-સંસ્કૃતિનો હ્રાસ થશે. 'હિંદ સ્વરાજ'માં ગાંધીએ લખ્યું, "મોટાં મોટાં શહેરો રચવાં તે નકામી ઝંઝટ છે, તેમાં લોકો સુખી નહીં થાય. તેમાં ધુતારાઓની ટોળકીઓ પેદા થશે. અમીરો ગરીબોને લૂંટશે."

પરંતુ આજે શહેરો ફાલતાં જ જાય છે. અને તેમાં મોટા ભાગના લોકો અમાનવીય સ્તરે જીવન વિતાવી રહ્યા છે. આજે દુનિયાભરમાં શહેરોમાં રહેનારા લોકોમાંથી લગભગ ૧૦૦ કરોડ લોકો ઝૂંપડપટ્ટીઓ અને ગંદા વસવાટોમાં જીવી રહ્યા છે. આપણા દેશમાં કલકત્તા, મુંબઈ, દિલ્હી, મદ્રાસ, કાનપુર જેવા દરેક મહાનગરની લગભગ ત્રીજા ભાગની (અને ક્યાંક તો અડધો અડધ) વસ્તી ઝૂંપડપટ્ટીમાં કે ફૂટપાથ ઉપર જીવી રહી છે. મુંબઈમાં ૬૦ લાખ લોકો ઝૂંપડપટ્ટીઓમાં, ફૂટપાથ પર અને રેલવેલાઈનની આજુબાજુ જીવન વિતાવી રહ્યા છે. નાનકડી જગ્યામાં ૧૦–૧૨ લોકો રહે છે. નથી ત્યાં સંડાસ કે નથી બીજી સગવડો. લોકો ખુલ્લામાંજ મળ-વિસર્જન કરે છે.

પાંચ વર્ષ પહેલાં બર્લિનમાં ભરાયેલી એક આંતરરાષ્ટ્રીય પરિષદમાં કોઈ કે સૂચન કર્યું હતું કે વિશ્વબેંકના હોદ્દેદારો, દરેક દેશના આયોજન કરનારાઓ અને નીતિ ઘડનારા સર્વોચ્ચ લોકો તથા વિકાસ વિષે ચર્ચા-વિચારણા કરનારા આપણા જેવા વિદ્વાનો બસ, વધુ નહીં ફક્ત એક મહિનો

આવી ઝૂંપડપટ્ટીઓમાં જઈને રહીએ. ત્યારે જ આપણું સાચું શિક્ષણ થશે અને આપણને સમજાશે કે વિકાસ વગેરેનો વિચાર કરતી વખતે સૌથી પહેલો વિચાર મનુષ્યનો થવો જોઈએ, બાકીની બધી બાબતો ગૌણ બની જવી જોઈએ.

ગાંધીએ જે કાંઈ કહ્યું, વિચાર્યું તે શાસ્ત્રીય ખંડન-મંડનની રીતે નથી વિચાર્યું. તેમણે તો માનવને જ કેન્દ્રમાં રાખીને વિચાર્યું છે. અને મનુષ્યના કલ્યાણનું જ ચિંતન કર્યું છે. પરંતુ આ સભ્યતાનો અભિગમ તેનાથી બિલકુલ ઊલટો છે, તે ગાંધીએ બરાબર પારખી લીધું હતું.

ગાંધીએ કહ્યું, "પૈસો તેમનો પરમેશ્વર છે. તેમાં નીતિ કે ધર્મની વાત છે જ નહીં. પહેલાનાં જમાનામાં માણસને માર મારીને ગુલામ બનાવાતો હતો, આજે મનુષ્યને પૈસા અને ભોગની લાલચ આપીને ગુલામ બનાવાય છે."

પૈસાનો લોભ અને મોહ કેવા અનર્થ કરી રહ્યો છે અને તે મનુષ્યનું કેવું સત્યાનાશ કાઢશે તે જોઈને તેમનું અંતર રડી પડતું હતું. તેમણે કહ્યું, "આ પૈસો આપણું લોહી ચૂસી લેશે, કારણ કે તે આપણા નીતિ-ધર્મને ઝૂંટવી લેશે."

ગાંધીએ આ સભ્યતાના રોગની મુખ્ય નાડી પારખી લીધી હતી, આ સભ્યતા દુનિયામાં આટઆટલા ભૂખ્યા-તરસ્યા લોકો હોવા છતાં ખોરાક-દૂધ વગેરેનો નાશ કરી શકે છે, જેથી બજારમાં તે ચીજોના ભાવ તૂટે. આટલું જ નહીં, આને તેઓ અર્થશાસ્ત્રની શાસ્ત્રીય માન્યતાવાળો હોંશિયાર વેપારી-વહેવાર માને છે! ખેતરમાંથી અનાજ

હવે ઓછું આવે છે કેમ કે હવે જમીનમાં અનાજને બદલે ડોલરો અને રૂપિયા ઉગાડવામાં આવે છે! આ સભ્યતા સંહારક શસ્ત્રોના વેપારમાંથી મોતના સોદાગર બનવામાં કોઈ શરમ નથી અનુભવતી. રૂપિયા પૈસા માટે આજે માણસ કાંઈ પણ કરવા તૈયાર છે. તેનું બુદ્ધિ-કૌશલ્ય 'બેબી-ફૂડ'ના વેપારનું કૌભાંડ સર્જી શકે છે. ખરેખર, આ તો સમગ્ર માનવજાત સામેનું એક કલંકિત ષડ્યંત્ર છે. આદિકાળથી આપણે જાણીએ છીએ કે નવજાત બાળક માટે માતાનું દૂધ જ સર્વોત્તમ આહાર છે પણ સુવર્ણ-તૃષ્ણાએ આ સનાતન સત્યને ય જૂઠું ઠેરવી દીધું! પ્રલોભનોવાળા પ્રચાર-માધ્યમોની મદદથી બેબી-ફૂડના વેપારની ધૂમ મચાવી દીધી. આજે વળી ફરી મોટી મોટી જાહેરખબરો આપીને અને લોકશિક્ષણની ઝુંબેશ ચલાવીને સમજાવાય છે કે બાળકને માટે માતાનું દૂધ જ સર્વશ્રેષ્ઠ છે. આજે હૃદય, કિડની વગેરે બદલવામાં આવે છે. તેનાથી મનુષ્યનાં અંગો-ઉપાંગોનો વેપાર વધી રહ્યો છે. ગરીબ લોકો પોતાનું લોહી અને અંગો લાચારીથી વેચી રહ્યા છે. તેને માટે હત્યાઓ થાય છે, બાળકોનાં અપહરણ થાય છે. પૈસાની પાછળ ગાંડી એવી આ બજારુ સભ્યતાએ નૈતિક અને માનવીય મૂલ્યોની કેવી તો ફજેતી કરી મેલી છે તેનાં આ બધાં ઉદાહરણો છે.

આ સભ્યતાનો આખો મહેલ શોષણના પાયા પર ઊભો છે. આજે યુરોપ-અમેરિકાવાળા આપણને ટોણો મારે છે કે તમે બાળકોને ભણાવતા નથી અને ઉપરથી તેમની પાસે મજૂરી કરાવો છો. પણ તેમણે જ તો નિરાધાર બાળકોનાં લોહી-પરસેવો સીંચીને તો આ બધું ઔદ્યોગીકરણ કર્યું છે.

ઈંગ્લૅંડમાં યંત્રયુગના પ્રારંભમાં પાંચ-પાંચ વર્ષનાં બાળકો પાસે પંદર-પંદર કલાક કામ કરાવાયું છે. છેક ૧૮૧૯માં કાયદો બન્યો કે નવ વર્ષથી નાની ઉંમરનાં બાળકોને કામ પર નહીં રાખી શકાય. અને ૯ થી ૧૬ વર્ષની ઉંમરવાળા કિશોરો પાસેથી ૧૨ કલાકથી વધુ કામ નહીં લઈ શકાય. ત્યારેય કારખાનાંવાળાઓએ આ કાયદા સામે ઊહાપોહ મચાવેલો કે આનાથી તો અમારા વિકાસ પર ઘણી અવળી અસર થશે.

આ આખી વ્યવસ્થાના પાયામાં મનુષ્યનું નિર્દય શોષણ રહેલું છે. પહેલાં આપણે ત્યાંના ગરીબ મજદૂર વગેરેનું શોષણ કરવામાં આવ્યું અને પછીથી આખી દુનિયામાં ફેલાયેલાં આપણા જેવાં સંસ્થાનોની પ્રજાનું નિર્લજ્જ શોષણ કરવામાં આવ્યું. આફ્રિકાથી ગુલામોને પકડી-પકડીને લઈ ગયા. એનો ઇતિહાસ તો બહુ ભયંકર છે. ઔદ્યોગિક ક્રાંતિનો ઇતિહાસ લખનાર એચ. એલ. બીલ્સે એક જ વાક્યમાં માર્મિક ટીકા કરતાં લખ્યું છે: 'આ એક એવી સભ્યતા હતી, જેમાં શક્તિ હતી પણ શોભા ન હતી.' હું તો કહીશ કે આ માત્ર અશોભનીય જ નહીં, બલ્કે 'હોમો-સેપિયન' અર્થાત્ વિવેકશીલ કહેવડાવવા માંગતા મનુષ્યને માટે અત્યંત લાંછનરૂપ તેમ જ માનવતાહીન ઇતિહાસ છે.

આ સભ્યતા વળી એક પાપ પર ઊભી છે—ગોરી પ્રજાના ઘમંડરૂપી પાપ પર. ગોરી પ્રજા એવી ભ્રાંતિમાં છે કે તેઓ જ સર્વશ્રેષ્ઠ છે, અને શેષ તમામ અસભ્ય પછાત. દુનિયાને પોતે સુસભ્ય બનાવશે. આ જંગલી લોકોનું નિકંદન કાઢીએ તો જ પોતાની સભ્યતા ફેલાવી શકાશે.

કોલંબસ અમેરિકા પહોંચ્યો ત્યારથી માંડીને આ સભ્યતાનો ઇતિહાસ એવો જ નિર્મમ, અમાનુષી અને રાક્ષસી છે. કોલંબસ ત્યાં પહોંચ્યો ત્યારે અમેરિકન આદિવાસીઓની સંખ્યા ૧૧ કરોડ હતી. તમામનો સંપૂર્ણ વિનાશ કરવામાં આવ્યો. આજે મૂળ આદિવાસીઓના વંશજ અમુક હજારોની સંખ્યામાં બચ્યા હશે.

તાસ્માનિયામાં આદિવાસીઓની કત્લેઆમ કરવામાં આવી, ત્યારે ડાર્વિને કહ્યું હતું, 'આગળ જતાં સુસભ્ય પ્રજા આખી દુનિયામાં જંગલી પ્રજાને નિર્મૂળ કરી એમની જગ્યાએ પોતાને સ્થાપિત કરી દેશે.'

સભ્યતાનો આ જંગલી ચહેરો જોઈને જ સત્ય ને અહિંસાના ઉપાસક ગાંધીના હૃદયમાંથી વિદ્રોહપૂર્ણ આર્તનાદ ઊઠ્યો હતો. તેમણે કહ્યું, 'યુરોપ બધા કાળા લોકોને પોતાનું ભક્ષ્ય માનીને બેઠું છે. જ્યાં માત્ર આર્થિક લોભ જોવાતો હોય હોય ત્યાં બીજું હોઈ પણ શું શકે? કોઈ પણ નવો દેશ નજરમાં આવ્યો કે તરત, કાગડા જેમ માંસ પર તૂટી પડે તેમ, આ લોકો એના પર તૂટી પડે છે.'

મિત્રો! રખે એમ માનતા કે આ બધી ગઈ-ગુજરી વાતો છે કે પ્રાચીન ઇતિહાસ છે. આજે પણ એવો જ ઈતિહાસ આપણી નજર સામે આકાર લઈ રહ્યો છે. એ જ ઘમંડ, એ જ નિર્દયતા, એ જ નિર્લજ્જતા. તફાવત ફક્ત એટલો છે કે અત્યારે હત્યા છૂરીથી નહિ, ઇલેક્ટ્રિક શોકથી થાય છે અને લોહીનું એક ટીપુંય ન પડે.

ત્રણ વર્ષ અગાઉ વિશ્વ બેન્કના એક ઉચ્ચ અધિકારી લોરેન્સ સમર્સે વ્યક્તિગત મુલાકાતમાં કહ્યું હતું, 'હવે આપણે પ્રદૂષણ કરનારા બધા ઉદ્યોગો આપણે ત્યાંથી હટાવી

ત્રીજી દુનિયાના ગરીબ દેશોમાં લઈ જવા જોઈએ. ત્યાં મજૂરી ઓછી લાગે અને કદાચ અકસ્માત થાય તો વળતર પણ ઓછું ચૂકવવું પડે. ત્યાં તો આપણા જેટલું પ્રદૂષણ વધ્યું છે જ ક્યાં? અને કહે છે કે અમુક ચીજથી મોટી ઉંમરે કેન્સર થઈ શકે છે. પણ તેની ચિંતા તો જ્યાં લોકો લાંબું જીવે છે ત્યાં કરવી જોઈએ ને? જ્યાં બાળમૃત્યુદર દર હજારે એકસોનો હોય તેવા દેશોમાં આવા કેન્સરની શી ચિંતા? સમર્સસાહેબ આવું ફરમાવી રહ્યા છે!

મને કોઈ કહેતું હતું કે આપણા દેશમાં આજકાલ રસાયણ ઉદ્યોગ બહુ ફૂલીફાલી રહ્યો છે, તેમાં નિકાસની શક્યતા ઘણી છે, યુરોપ-અમેરિકાવાળા પણ આપણે ત્યાંથી કેમિકલ્સ મંગાવે છે. હું તો અવાક્ થઈ ગયો. આપણે ત્યાં કેમિકલનો ઉદ્યોગ વિકસી રહ્યો છે કે મિસ્ટર લોરેન્સ સમર્સને માટે બલિના બકરા વધી રહ્યા છે?

સુપ્રસિદ્ધ મેગેઝીન 'લેન્સેટ'માં ડૉ. મોરીસ કીંગનું એક પેપર છપાયું છે. તેઓ લખે છે કે ભારત જેવા દેશોમાં વસતી-વિસ્ફોટની સમસ્યા હલ કરવા માટે હવે બિન-પરંપરાગત અંતિમ ઉપાયો અજમાવવા પડશે, બાળ-મૃત્યુ રોકવા માટે આપણે આજકાલ જે દોડધામ કરીએ છીએ અને બાળ-આરોગ્ય યોજનાઓ ચલાવીએ છીએ, તે બધી બંધ કરી દેવી જોઈએ. મતલબ કે લાખો બાળકો નાની ઉંમરમાં ભલે મરી જાય. આ રીતે વસતી નિયંત્રણ-માં આવશે. આને શું કહીશું? અર્થશાસ્ત્ર કે શેતાની અનર્થશાસ્ત્ર? હમણાં જુલાઈ '૯૪માં નાઈરોબીમાં એક પરિષદ યોજાઈ. પર્યાવરણીય સમસ્યાઓને લીધે કેટલું કેટલું નુકસાન થશે? કેટલા કેટલા લોકો મરશે? મૃત્યુની પણ

કીમત ડોલરમાં આંકવાની હતી. તે અનુસાર એશિયા-આફ્રિકામાં થતા એક માનવના મૃત્યુની કીમત કરતાં દસગણી કીમત યુરોપ-અમેરિકામાં થતા એક માનવના મૃત્યુની આંકવામાં આવી! સદ્‌ભાગી માનવ! એના જીવનની પણ આર્થિક કીમત? અને તેમાંયે રંગભેદ?

તેમાં ચર્ચા થઈ કે પૃથ્વીનું ઉષ્ણતામાન વધી રહ્યું છે, પર્યાવરણીય સમસ્યાઓ રોકવા માટે આપણે વાતાવરણમાં છોડાતા કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ ઘટાડતાં જવાનું છે. તો કોણ કેટલું ઘટાડે? અમુક હદથી કાર્બન ડાયોક્સાઈડ છોડવો–ન છોડવો એની છૂટ કોને કેટલી આપવી? ઉગ્ર વિવાદ પછી પણ ગોરા પ્રતિનિધિઓએ વસતી અનુસાર આ માત્રા નિશ્ચિત કરવાની વાતને ધરાર ઠુકરાવી દીધી. આ માત્રા આર્થિક સંપન્નતાના પ્રમાણમાં નિશ્ચિત કરવી, એવો આગ્રહ રખાયો. એટલે કે તમે આર્થિક રીતે વધુ સંપન્ન અને ધનવાન, તો તમને વધુ પ્રદૂષણ કરવાની છૂટ!

આ ધનવાન દેશો આપણા જેવા દેશોને પોતાની કચરા-પેટી માને છે. આરોગ્યની દૃષ્ટિએ વિઘાતક એવી કેટલીય દવાઓ પર આપણે ત્યાં તો પ્રતિબંધ મૂકવામાં આવે છે, પરંતુ એ જ દવાઓ For export only (ફક્ત નિકાસ માટે) લેબલ હેઠળ વિદેશી કંપનીઓ બનાવી શકે છે અને એ દવાઓને આપણે ત્યાં મોટું બજાર પણ મળી રહે છે. આ જ પ્રમાણે એમને ત્યાં પ્રતિબંધિત ઝેરી જંતુનાશક દવાઓ પણ આપણા જેવા દેશો પર ઠોકી બેસાડવામાં કોઈ સંકોચ તેમને થતો નથી. વળી પોતાને ત્યાંનો ઝેરી ઔદ્યોગિક કચરો (toxic waste) જુદી જુદી યુક્તિપ્રયુક્તિથી ગરીબ



130375

દેશોમાં ધકેલી દે છે. ઝેરી કચરાની આવી નિકાસ પર અંકુશ મૂકવા માટે એક જાગતિક કાનૂન બનાવવાની કોશિશ હાથ ધરવામાં આવી, પરંતુ ધનિક દેશોએ આજ સુધી એને સફળ થવા દીધી નથી. તેઓ પોતાની નકામી ટેકનોલોજીની પણ આપણે ત્યાં નિકાસ કરતા રહે છે.

તો મિત્રો, એવા ભ્રમમાં ના રહેશો કે રંગભેદ, ગુલામી-પ્રથા, માનવબલિ, સામ્રાજ્યવાદ, સંસ્થાઓની લૂંટ વગેરેનો જમાનો વીતી ગયો છે. આ બધી ચીજો જરા જુદાં રૂપાળાં સ્વરૂપે આજેય આપણી વચ્ચે મોજૂદ છે. ગોરી પ્રજાઓનું પાપ હજીયે પ્રકાશી જ રહ્યું છે.

શોષણના દિવસો વીતી ગયા છે. શોષણ આજેય ચાલુ છે, સતત ચાલુ છે. શોષણ આજે સૂક્ષ્મ, અદૃશ્ય બન્યું છે. શોષણનુંયે આધુનિકરણ થયું છે. શોષણને સામાન્ય બનાવી દેવામાં આવ્યું છે.

આજકાલ પૂર્વ-પશ્ચિમને બદલે ઉત્તર-દક્ષિણની પરિભાષામાં વાત થતી હોય છે. પૃથ્વીના ઉત્તર ગોળાર્ધમાં આવેલા દેશો પૈકી મોટાભાગના ધનવાન છે અને દક્ષિણ ગોળાર્ધમાં આવેલા દેશો પૈકી મોટા ભાગના ગરીબ છે. આજે ઉત્તરની પ્રજા જે દુનિયાની કુલ વસ્તીના ૨૦ થી ૨૫ ટકા છે તે પૃથ્વીની કુલ સંપત્તિનો ૭૦ ટકા ભાગ વાપરે છે. દક્ષિણના ભાગે ફક્ત ૩૦ ટકા સાધન-સામગ્રી આવે છે, જેની વસ્તી ૭૫ થી ૮૦ ટકા છે. યુરોપ-અમેરિકાનો એક માણસ દક્ષિણના એક ગરીબ માણસ કરતાં પચાસ ગણો વધુ ઉપભોગ કરે છે અને પચાસગણો વધારે કચરો અને ઝેરી ઔદ્યોગિક કચરો પેદા કરે છે. આખાયે આફ્રિકા ખંડમાં જેટલા ટેલિફોન છે, તેનાથી વધારે ટેલિફોન એકલા

ટોકિયો શહેરમાં જ છે! આટલી ભીષણ અસમાનતા આજે છે.

દક્ષિણના કાચા માલના ભાવ ગગડી રહ્યા છે અને ઉત્તરના પાકા માલના ભાવ વધી રહ્યા છે. પરિણામે ૧૯૮૦માં દક્ષિણના માલના ૧૦૦ એકમના બદલામાં ઉત્તરના માલના ૧૦૦ એકમ મળતા હતા તે જ માલના ૧૯૯૨માં ફક્ત ૪૮ એકમ મળે છે. દક્ષિણના દેશોને આટલો માર પડ્યો. વિદેશી વ્યાપારમાં પણ ટ્રાન્સપોર્ટ, વીમો, પેકેજિંગ વગેરે બધી બાબતોમાં ઉત્તરની બહુરાષ્ટ્રીય કંપનીઓનો ઇજારો છે. તેનો બધો નફો ઉત્તરના દેશો રળી ખાય છે. આમ છેવટે બજારમાં એક ચીજ વેચાય તો તેની કીમતના ૧૦ થી ૧૫ ટકા જ દક્ષિણના દેશોના ઉત્પાદકને મળે છે. ઉત્તરવાળા દક્ષિણના દેશો પાસેથી મેનેજમેન્ટ, ટેકનોલોજી રોયલ્ટી વગેરેના નામે ઘણી મોટી રકમ વસૂલ કરે છે. એક અંદાજ પ્રમાણે વર્ષે લગભગ ત્રણથી પાંચ હજાર કરોડ ડૉલર આ રીતે દક્ષિણે ઉત્તરને ભરવા પડતા હશે.

આવા વ્યવહારને કારણે દક્ષિણના દેશોનું વિદેશી કરજ વધતું જ જાય છે અને તેના અસહ્ય બોજ નીચે તેઓ દબાઈ રહ્યા છે. તેનું વ્યાજ પણ તેઓ ચૂકવી શકતા નથી. વ્યાજ ચૂકવવા માટેય નવું કરજ કરવું પડે છે. દક્ષિણના દેશોનું વિદેશી કરજ જે ૧૯૮૦માં ૫૬,૭૦૦ કરોડ ડૉલર હતું તે બાર વરસમાં ૧૯૯૨માં અઢીગણું ૧,૪૧,૯૦૦ કરોડ ડૉલર થઈ ગયું. જાણે ઉત્તરનું સામ્રાજ્ય ફરી વાર દક્ષિણ ઉપર છવાઈ ગયું છે. દક્ષિણને મળતી વિદેશી સહાય વગેરે બાબતો નરી ભ્રામક છે. હકીકતમાં તો આજેય દક્ષિણના દેશોથી જ સાધન-સામગ્રી, પૈસા વગેરે ઉત્તર તરફ

જાય છે. એક અંદાજ મુજબ ઉત્તરના દેશો દક્ષિણના દેશોની સરખામણીએ ૧૯૬૦માં વીસગણા વધુ ધનવાન હતા, તેઓ આજે છેંતાલીસગણા વધુ માલદાર થઈ ગયા છે.

આખી દુનિયાને લૂંટવી, દુનિયાભરની સાધનસામગ્રી હડપી લેવી એ તો આ સભ્યતાનું મુખ્ય લક્ષણ પહેલેથી જ છે. તે માટે તેમની વચ્ચે હરીફાઈ ચાલે છે. આ હરીફાઈમાંથી તો વીસમી સદીના પ્રારંભમાં બબ્બે વિશ્વયુદ્ધો થયાં. હવે એકવીસમી સદીમાંયે તે માટે વિશ્વયુદ્ધ થઈ શકે તેમ છે. આજે હરીફાઈ છે જાપાન, અમેરિકા, અને યુરોપી સમુદાયના દેશો વચ્ચે. ત્રણેય દુનિયાભરનાં બજારો પર પોતાનો કબજો જમાવવા મેદાને પડ્યા છે.

આ સભ્યતાએ સૃષ્ટિની પણ બેફામ લૂંટ ચલાવી છે અને સૃષ્ટિ પર બેસુમાર અત્યાચાર કર્યા છે. વિકાસની આંધળી દોટમાં તેણે કુદરતી સંપત્તિના કેટલાયે ખજાના તળિયાઝાટક કરી દીધા છે. આ સભ્યતા યયાતિ સભ્યતા પુરવાર થઈ છે. પોતાના ભાગની જ નહીં, આવનાર કેટલીયે પેઢીઓના ભાગની કુદરતી સંપત્તિ પણ તેણે પચાવી પાડી છે અને તેણે પર્યાવરણ સાથે જે છેતરપિંડી કરી છે, તેનાં માઠાં પરિણામો માનવજાતે સદીઓ સુધી ભોગવવાં પડશે. આટલું ઝેરીલું જગત અગાઉ કદીયે નહતું. હવામાં, પાણીમાં, ખોરાકમાં, અરે, માના દૂધમાંયે ઝેરીલાં તત્ત્વો પ્રસરી ગયાં છે! ઓઝોન પડમાં ગાબડું, એસિડ વરસાદ, પૃથ્વીનું ઉત્તરોત્તર વધતું જતું તાપમાન—જેવી તો કેટલીક એવી સમસ્યાઓ છે કે જેનાથી આ પૃથ્વી પર માનવજાતનું અસ્તિત્વ જ જોખમમાં મુકાઈ જાય છે! માણસ પોતાને એક બુદ્ધિશાળી પ્રાણી માને છે. પણ બીજા કોઈ પ્રાણીએ પોતાનો

માળો કે ગુફા આટલી ગંદી, આટલી ઝેરી, આટલી બેફામ-બેદાન નહીં કરી હોય. રિયો-ડ-જાનેરોની પૃથ્વી-પરિષદમાં ક્યુબાના ફિડેલ રાષ્ટ્રોએ ઉત્તરના ધનવાન દેશોને પડકાર્યા. તેમણે કહ્યું, "આટલું ભયાનક નુકસાન અને અનર્થ કરનારી તમારી જીવનપદ્ધતિ તથા ઉદ્યોગની પદ્ધતિ તમે અમારી ઉપર ના લાદો. આને લીધે તો અમારે માથે આટલું વિદેશી કરજ લદાયું છે. અમારે માથે જે વિદેશી કરજ છે તેની વાત ના કરો. તમારે માથે પૃથ્વીનું આટલું મોટું પર્યાવરણીય કરજ ચડ્યું છે તે ચૂકવો. ફક્ત પોતાનો જ સ્વાર્થ સાધવો અને બીજાઓ પર પોતાની સત્તા જમાવવી, એવી હલકી મનોવૃત્તિ છોડો. નિર્દયતા, બેજવાબદારી, છળ-કપટ અને દંભ છોડો."

આટલાં વર્ષોથી એક સૌથી મોટો જાગતિક ભ્રમ ચાલ્યો આવે છે. સૌથી પહેલાં એ ભ્રમમાંથી બહાર આવવાની આજે જરૂર છે. ઉત્તરના દેશોએ અપનાવેલી જીવનપદ્ધતિ અને ઉદ્યોગપદ્ધતિ, એ વિકાસની રીત છે એ નર્યો ભ્રમ છે. વિકાસના આ મોડેલનો સાફ સાફ અસ્વીકાર કરવો પડશે. આ તે કેવો વિકાસ કે જેમાં ગરીબાઈ અને ભૂખમરો કાયમ જ રહે! આ તે કેવો વિકાસ કે જેમાં સૌથી પહેલાં જેને મદદ કરવાની જરૂર છે તેને જ મદદ ના પહોંચે! આ કેવો વિકાસ જેમાં અસમાનતા રોજબરોજ વધતી જ જાય! આ કેવો વિકાસ જેમાં સમાજની દરેક વ્યક્તિને અર્થપૂર્ણ કામ ન મળી શકે અને ગૌરવપ્રદ સ્થાન ન મળી શકે!

આ તે કેવો વિકાસ કે જેમાં માનવના પોતાના અંતરમાં અસંતોષ અને અસમાધાન જ સતત રહ્યા કરે

અને માનવ-માનવ વચ્ચે ખેંચાખેંચ જ રહ્યા કરે! આ તે કેવો વિકાસ જે પ્રકૃતિ ઉપર અત્યાચાર જ કરતો રહે અને પર્યાવરણીય ભીષણ સમસ્યાઓ ઊભી કરી આ દુનિયા પર જીવનનું અસ્તિત્વ જ જોખમમાં મૂકી દે! આ કેવો વિકાસ જેમાં બસ પૈસાની જ બોલબાલા હોય, માનવી નગણ્ય મનાય!— આ બધો વિકાસ છે એવો એક વિશ્વવ્યાપી ભ્રમ સર્વત્ર ફેલાવવામાં આવ્યો છે. આ ભ્રમજાળમાંથી બહાર નીકળવાનું છે. બિલકુલ ખોટી ફિલસૂફી, ખોટો ઉદ્દેશ્ય, ખોટાં મૂલ્યો, ખોટાં શાસ્ત્રો અને પદ્ધતિઓ ઉપર આ વિકાસનો નમૂનો રચાયો છે. તેથી આ વિકાસથી છૂટવા માટે આ બધાં શાસ્ત્રો અને ફિલસૂફીમાંથી છૂટવાનું છે.

આપણે ખોંખારીને કહેવું પડશે કે માનવીય મૂલ્યોનો વિકાસ એ જ સાચો વિકાસ છે. આપણે ભૌતિક પ્રગતિ જરૂર ઇચ્છીએ છીએ પણ તે જ જીવનનું સાર-સર્વસ્વ છે તેવું નથી માનતા. ભૌતિક વિકાસ પર વિવેકપૂર્વકની લગામ હોય તથા માનવના સાંસ્કૃતિક તથા આધ્યાત્મિક વિકાસ પર પણ પૂરતું ધ્યાન રહે. સમાજના સૌથી છેવાડેની વ્યક્તિનો ભૌતિક વિકાસ સૌથી પહેલો થવો જોઈએ. આ કસોટીને ધ્યાનમાં રાખીને વિકાસનો અગ્રતાક્રમ નક્કી થવો જોઈએ. સમાજમાં જે અસમાનતા છે. તે રોજેરોજ ઘટતી જવી જોઇએ. સામાજિક ન્યાય વિના સમાજમાં શાંતિ કદાપિ નહીં સ્થપાય. સમાજમાં દરેક વ્યક્તિને અર્થપૂર્ણ અને ગૌરવપૂર્ણ કામ મળે તે એક જરૂરી ઉદ્દેશ્ય રહેશે. આપણો વિકાસ સૃષ્ટિ સાથે સુસંવાદી હશે.

આપણી સામે આજે પડકાર છે વિકાસની નવી રીત ઘડવાનો, વિકાસનું એક નવું સ્વદેશી મોડેલ, માનવીય

મૉડલ રજૂ કરવાનો. આ દિશામાં ઠીકઠીક વિચારો રજૂ થયા છે, પ્રયોગો પણ થયા છે, નવાં પરિણામો પણ સામે આવ્યાં છે. હવે જરૂર છે એક સામૂહિક ઇચ્છાશક્તિની, આત્મવિશ્વાસપૂર્વકના સંકલ્પબળની. આજે તો આપણે અવિકસિત છીએ, આપણે વિકાસની દોડમાં પાછળ પડી ગયા છીએ, આપણે ઝડપથી દોડીને તેમની સાથે થઈ જવાનું છે—એ ભ્રમમાંથી મુક્ત થવાની તાતી જરૂર છે. ના જી, આપણે તેમની નકલ નથી કરવી, આપણે એવી વિઘાતક અને અમાનવીય દોડમાં ભળવું જ નથી ને! તેમની પાસેથી જે અને જેટલું શીખવા જેવું હશે તે આપણે જરૂર શીખીશું. પણ વિકાસ તો આપણે આપણી ઢબનો જ કરીશું. આપણી પણ એક સંસ્કૃતિ છે, એક જીવનદર્શન છે, વિશ્વદર્શન છે. આપણાંયે કેટલાંક મૂલ્યો છે, તે આપણાં જ કેમ સમગ્ર માનવજાતનાં મૂલ્યો છે. હવે આવાં મૂલ્યો પર, આવા જીવનદર્શન પર આધારિત આપણો અને સમગ્ર માનવજાતનો વિકાસ થાય તે માટે પુરુષાર્થ કરીશું.

ગાંધીનો આ જ સંદેશ છે, આ જ તેનું યુગકાર્ય છે. ગાંધીનો આ સંદેશ પાયારૂપે ‘ હિંદ-સ્વરાજ ’માં શબ્દદેહ પામ્યો છે. આ સંદેશ ફક્ત આપણા માટે જ નહીં, સમગ્ર માનવજાત માટે છે. વ્યાપક અર્થમાં ‘ હિંદ ’ વિશેષ નામ ન રહેતાં વિશેષણ બની જાય છે. હિંદને માટે જેવા સ્વરાજની ઝંખના કરેલી તેવું સ્વરાજ. આ સર્વોદયનો સંદેશ છે. વિનોબાજીએ યથાર્થ જ કહેલું કે સર્વોદયસમાજનું મૂળ સ્વરૂપ થોડી જાડી ભાષામાં ‘ હિંદ સ્વરાજ ’માં મળે છે. ભાષા થોડી જાડી-ખરબચડી લાગશે પણ તેમ તો શંકરાચાર્યની સરખામણીમાં ઉપનિષદોની ભાષાયે કાનને કર્કશ

લાગે છે. તેમ છતાં ઉપનિષદોની ભાષામાં જે પ્રાણ છે તે બીજી તાર્કિક કે વૈજ્ઞાનિક ભાષામાં નથી. આ જ રીતે 'હિંદ સ્વરાજ'માં ગાંધીજીનું વિશુદ્ધ હૃદય પ્રગટ થયું છે.

ગાંધીનું વિશુદ્ધ હૃદય પ્રાણવાન શબ્દોમાં પોકારી ઊઠયું હતું, "આ સભ્યતા તો અધર્મ છે. આ તો શેતાની રાજ છે, રાક્ષસી છે. પાખંડ તો બધા જ ધર્મોમાં હોય છે. પણ આ સભ્યતામાં જે પાખંડ છે તે બીજા કોઈ ધર્મમાં નથી. આનું પરિણામ જ્યારે આપણે સમજીશું ત્યારે જૂના જમાનાના વહેમો, અંધવિશ્વાસ આની સરખામણીમાં મીઠા લાગશે."

આ અંધવિશ્વાસમાંથી માનવને ઉગારવા માટે જ ગાંધીનું અવતરણ થયું હતું. આ અંધવિશ્વાસ એટલે ચીજવસ્તુઓની બહુલતા અને સુખ-સગવડનાં સાધનો વધારતાં રહેવામાં જ જીવનનું પરમ ધ્યેય છે અને તેમાં જ સુખ છે, આ અંધવિશ્વાસ એટલે અતિ જટિલ અને અતિ યાંત્રિક ટેકનોલોજી વધારવામાં જ વૈજ્ઞાનિક અને પ્રગતિશીલતા છે, આ અંધવિશ્વાસ એટલે પૈસો જ પરમ મૂલ્ય છે, આ અંધવિશ્વાસ એટલે મોટાં મોટાં શહેરો પ્રગતિ અને વિકાસની નિશાની છે, આ અંધવિશ્વાસ એટલે હિંસાથી પ્રશ્ન ઊકલે છે, આ અંધવિશ્વાસ એટલે સાધન ગમે તેવું હોય તેની પરવા નથી, આપણે આપણું કામ કઢાવી લેવાનું છે, આ અંધવિશ્વાસ એટલે સૃષ્ટિ તો આપણી દાસી છે તેની ઉપર આપણે આપણું આધિપત્ય જમાવવાનું છે અને તેને લુંટાય તેટલી લૂંટવી છે, આ અંધવિશ્વાસ એટલે સ્વાર્થ જ સૌથી મોટું પ્રેરકબળ છે. આ બધી અંધશ્રદ્ધાઓ ઉપર આજની ભૌતિકવાદી સભ્યતા

અને તેના વિકાસનું મોડેલ ઊભું છે. ગાંધીએ તેને પડકાર ફેંક્યો છે. આ જાતજાતની અંધશ્રદ્ધાઓમાંથી મનુષ્યને બચાવવાની ગાંધીના દિલમાં તડપન હતી. તે જ તેનું યુગકાર્ય હતું.

ગાંધીના આ યુગકાર્યને આપણે ઊંડાણથી સમજવું છે અને તેને ચાલુ રાખવું છે. આ કંઈ તકલી કે રેંટિયો ચલાવવાની જ વાત નથી, આ કાંઈ બહુરાષ્ટ્રીય કંપનીઓનો વિરોધ કરવાની જ વાત નથી, આ કાંઈ પ્રદૂષણ બંધ કરવાની જ વાત નથી. આ તો એક ખોટી ફિલસૂફીને જાકારો આપી તેને સ્થાને મનુષ્ય માટે કલ્યાણકારી નવી ફિલસૂફી પ્રસ્થાપિત કરવાનું કામ છે. તેને માટે આપણી અંદર એક પાયાની ક્રાંતિ થવી જોઇએ, આપણું માનસ બદલાવું જોઇએ, આપણી ચિંતનપદ્ધતિ બદલાવી જોઈએ, આપણી જીવનદૃષ્ટિ બદલાવી જોઇએ. જર્મનીના ચિંતક અને એક્ટિવિસ્ટ વુલ્ફગોંગ ઝેક્સે ઠીક જ કહ્યું છે કે What is required to-day is not a bit of green varnish, but greening of the mind. આજે માત્ર વિકાસના વિચારો પર થોડી લીલી પીંછીઓ ફેરવવાથી કામ નહીં ચાલે, આજે તો જરૂર છે લીલાછમ નૂતન ચિંતનની, નિત્ય નવપલ્લવિત માનસની.

મિત્રો, અહીં આપણે સૌ ભેગા થયા છીએ તેમાં સૌના દિલમાં ગાંધીના પુરુષાર્થને ચાલુ રાખવાની, આગળ વધારવાની તમન્ના છે. તેને માટે જે ઍક્શન પ્રોગ્રામનો વિચાર કરવાનો છે, તે આવી એક વ્યાપક સમજણથી આપણે ઘડીએ. મારા મતે એક સર્વાંગી કાર્યક્રમના રૂપમાં આપણે પંચવિધ કાર્યો કરવાં જોઇએ.

(૧) પહેલું કામ છે, સાતત્યપૂર્વક વ્યાપક અને ઊંડા વિચાર-પ્રચારનું. આખરે આ વૈચારિક (ફિલસૂફીની) લડાઈ છે. સામેવાળાની ફિલસૂફી આજે ભલે સત્ત્વહીન અને ખોખલી બની ચૂકી હોય, છતાં લોકમાનસ પર એનો જાદુ હજુ પણ ભારે છે. એટલા વાસ્તે આપણે બહુ પુરુષાર્થ કરવો પડશે. એ ફિલસૂફીના અનેકવિધ દુષ્પરિણામો બતાવ્યા કરવાં, વ્યવહારમાં એની નિરર્થકતા સાબિત કરતા રહેવું અને આપણી ફિલસૂફી જુદી જુદી રીતે સમજાવતા રહેવું— આટલું આપણે કરવું પડશે. પ્રચાર-પ્રસારનાં તમામ માધ્યમોનો ઉપયોગ કરી આપણે એક નવી Public will (લોકમાનસ) તૈયાર કરવાની છે.

(૨) બીજું કામ છે જીવનોપાસનાનું. આ ગાંધીનું કામ છે, જેમાં મણ ઉપદેશને બદલે અધોળ આચરણનું મહત્ત્વ છે. જે વિચાર લઈને આપણે નીકળ્યા છીએ, એ આપણા પોતાના જીવનમાં કેટલો ઊતર્યો ? આજની સભ્યતા ધનને ખાતર ધર્મનું નિલામ કરવાની સભ્યતા છે, એવો જ્યારે આપણે પ્રચાર કરતા હોઈશું, ત્યારે સ્વયં આપણા જીવનમાં ‘ધન નહિ, ધર્મ શ્રેષ્ઠ છે’ એ મંત્ર ચરિતાર્થ થવો જોઈએ. આપણે શિક્ષક હોઈએ તો સ્કૂલ-કૉલેજમાં પ્રામાણિકતાથી દિલ દઈને આપણા સ્વધર્મનું પાલન કરીશું, ધનની લાલચમાં ટ્યૂશનની આંધી પાછળ દોડીશું નહિ. વ્યાપારી હોઈશું તો નફાખોરી, કૃત્રિમ અછત ઊભી કરવી, ભેળસેળ કરવી વગેરે પૈસાના પ્રલોભનોમાં ફસાઈશું નહિ. ડૉક્ટર હોઈએ તો બિનજરૂરી દવાઓ આપીને અને ઓપરેશનો કરીને દરદીને લૂંટવાની બિનજરૂરી મનોવૃત્તિ નહિ રાખીએ. જ્યારે આપણે એમ કહીએ કે આજની

સભ્યતા રંગભેદ, શોષણ આદિ અનિષ્ટો ઉપર ઊભી છે, ત્યારે ખુદ આપણા જીવનમાં દૃષ્ટિ કરીએ કે સમાજના દલિત અને શોષિત વર્ગ તરફ આપણું વલણ કેવું છે? અસ્પૃશ્યો પર જે અત્યાચાર થાય છે તેનાથી આપણી આંતરડી કકળી ઊઠે છે ખરી?

મિત્રો! ગાંધી એવો મનુષ્ય હતો, જેણે રાત્રે ટ્રેનમાં રસ્કિનનું પુસ્તક વાંચ્યું અને સવાર થતાં જ તેના પગલે પોતાના જીવનમાં પરિવર્તન લાવવાનો સંકલ્પ કરી લીધો. બસ, શહેરમાં નથી રહેવું. બે દિવસમાં મિત્રોને સમજાવી એમની સંમતિ લઈ લીધી. દોઢ મહિનાની અંદર તો પૂરો ઘરસંસાર, છાપખાનું વગેરે ગામડામાં લઈ જઈ નવા જીવનની સાધના શરૂ કરી દીધી! એમનું જીવન જ એમનો સંદેશ છે. આવા મહાપુરુષનો સંદેશ આપણે પણ આપણા જીવન મારફત દુનિયામાં ફેલાવી શકીશું.

(૩) ત્રીજું કામ છે પ્રયોગશીલતાનું. ગાંધી સત્યના પ્રયોગવીર હતા. આજે નવી અહિંસક સમાજ-રચના માટે અનેકાનેક પ્રયોગો કરવા પડશે. કેવળ વિચારથી કામ નહિ સરે. વિચાર પ્રમાણે પ્રત્યક્ષ પ્રયોગો કરી બતાવવા પડશે. કહીએ છીએ કે અમને યંત્ર-દાનવ નહિ જોઈએ, તો પછી માનવીય ટેકનોલોજીના પ્રયોગો કરી વિકલ્પો ઊભા કરવા પડશે. રાસાયણિક ખાતરનો અને જંતુનાશકોનો વિરોધ કરતા હોઇએ તો સામે પક્ષે સજીવ ખેતીના પ્રયોગો કરવા પડશે. દરેક સેવકનું એક પ્રેમક્ષેત્ર હોય, જ્યાં એનો જીવંત લોકસંપર્ક જળવાઈ રહે અને જ્યાં તે પોતાની ફિલસૂફીને સમાજ-જીવનમાં ઉતારવાની ખોજ કરતો રહે, કોશિશ કરતો રહે. આપણા પ્રયોગોની, આપણા અનુભવોની જાણકારી

...જોઈએ, ...ન-પ્રદાન થતું રહેવું જોઈએ.

(૪) ચોથી વાત— આપણે એક બિરાદરીનું નિર્માણ કરવાનું છે. આ કોઈ વ્યક્તિગત ઉપાસના કે વ્યક્તિગત ઇન્કિલાબનું કામ નથી. આપણે તો સમાજપરિવર્તન કરવાનું છે. તો આવા સમાજપરિવર્તન કરનારાની બિરાદરી બનવી જોઈએ. આજે પરિવર્તન–ઇચ્છુકો આમતેમ છૂટા-છવાયા છે. કપાળ પર પોતપોતાનાં તિલક છે અને ગળામાં પોતપોતાની કંઠી બાંધેલી છે. ન કોઈ તિલક, ન કોઈ કંઠી, એવી એક બિરાદરી બનવી જોઈએ. બાહ્ય પરિવેશનો આગ્રહ પણ રાખવાનો નહિ. આ ખાદી નથી પહેરતો ને પેલો રાજકારણ નથી છોડતો વગેરે દીવાલો આપણી વચ્ચે ઊભી ન થઈ જાય. તંત્રને છોડો, તત્ત્વને પકડો. આજે વાદોનો પણ લગભગ અંત આવી ગયો છે. હવે એક બાજુ છે જીવનની ફિલસૂફી અને બીજી બાજુ છે મરણની ફિલસૂફી, માનવીય મૂલ્યોમાં આસ્થા રાખનારી ફિલસૂફી અને અમાનુષી ફિલસૂફી. તો, તાત્પર્ય એ છે કે જીવનની માનવીય ફિલસૂફીમાં માનનારાઓની એક બિરાદરી બનવી જોઈએ. દુનિયાભરમાં એવા લોકો ફેલાયેલા છે, એવા માનવસમૂહો છે, જેઓ આ ભૌતિકવાદી સભ્યતાની વિરુદ્ધ વિદ્રોહ કરી રહ્યા છે, એનો વિકલ્પ શોધી રહ્યા છે. આવા તમામ વચ્ચે ઘનિષ્ઠ સંપર્ક રહે અને એક માનવ-મોરચો ઊભો થાય.

(૫) એવી પણ પરિસ્થિતિ ઊભી થાય છે જ્યારે પ્રતિકાર કરવો પડે, આ ભૂલ-ભરેલી ફિલસૂફીના કામકાજના હેવાલ વિરુદ્ધ અવાજ ઉઠાવવો પડે, વિદ્રોહ કરવો પડે. ઉદાહરણાર્થ: કચ્છમાં કારગીલનો પ્રશ્ન હતો. આજે પણ

130374
14-9-2010

હોલેન્ડથી છાણ આયાત કરવાનો પ્રશ્ન છે. આ એક બુદ્ધિહીન પ્રોજેક્ટ છે. કોઈ પણ રીતે એને રોકવો જોઈએ.

—આવો પંચવિધ કાર્યક્રમ આજની ઘડીની માગ છે. 'હિન્દ સ્વરાજ'ના સૈનિકના નાતે આપણે તે હાથ ધરવાનો છે. Think globally, act locally. આપણે જે કંઈ કાર્ય કરીએ તે World perspective (વૈશ્વિક પરિપ્રેક્ષ્ય)માં કરીએ. આ જ સંદર્ભમાં આપણી સ્થાનિક તેમજ સાંપ્રત સમસ્યાઓ પર દૃષ્ટિપાત કરીએ અને એમનું નિરાકરણ શોધીએ. આજની પલટાતી દુનિયામાં આજે પણ ગાંધીની કેટલીક બુનિયાદી વાતો તેમજ ગાંધીએ નિર્દેશેલાં કેટલાંક મૂલ્યો ધ્રુવતારક-શાં અચલ છે. એમને દૃષ્ટિ સમક્ષ રાખી આપણે આપણો કાર્યક્રમ બનાવવાનો છે.

---


## કાન્તિ શાહ સંપાદિત-અનુવાદિત-લિખિત પુસ્તકો

| | | |
|---|---|---|
| વિજ્ઞાનયુગમાં ધર્મ | વિનોબા | ૩-૦૦ |
| તહોમતનામું | ,, | ૨-૦૦ |
| ગાંધી જેવા જોયા જાણ્યા વિનોબાએ | | ૧૫-૦૦ |
| જયપ્રકાશ જીવનયાત્રા | | ૧૨-૦૦ |
| જયપ્રકાશ વિચારયાત્રા | | ૬-૦૦ |
| અજ્ઞાતના ઓવારા | પ્રબોધ ચોકસી | ૨૦-૦૦ |
| એકત્વની આરાધના | ,, | ૩૦-૦૦ |
| આનંદચર્ય | | ૨૫-૦૦ |
| વિજ્ઞાનયુગના પરિપ્રેક્ષ્યમાં સર્વોદય આંદોલન | | ૩-૦૦ |
| કાપ્રા કહે છે : ભૂલ્યા ત્યાંથી ફરી ગણીએ | | ૮-૦૦ |

**યજ્ઞ પ્રકાશન સમિતિ**

ભૂમિપુત્ર, હુજરાતપાગા, વડોદરા-૩૯૦૦૦૧

પુસ્તકોની કીમત જેટલી જ રકમ મ. ઓ. કે ડ્રાફ્ટથી મોકલો.
પેકિંગ-રવાનગી માફ છે.

( પૂંઠા પાન ૨નું ચાલુ )

અતડાપણું, અણુશક્તિમાંથી નીપજતું વિકિરણ વગેરે અનેક બાબતો માનવીને સાચા સુખની વ્યાખ્યાની ખોજ કરવા પ્રેરી રહી છે.

આ પરિસ્થિતિમાં વિશ્વના ચિંતકોને ગાંધીજી યાદ આવી રહ્યા છે. ગાંધી-વિનોબા ભારતીય સંસ્કૃતિના જ ફરજંદો હતા. તેમને આ દેશની સંસ્કૃતિ-ગરિમા-અસ્મિતાનો પૂરો ખ્યાલ હતો. જનતા-ની નાડ તેમણે પારખેલી. તેમણે જે રસ્તો ચીંધેલો તે રસ્તો માત્ર ભારત દેશ કે તેના જેવા ગરીબ અને પછાત દેશો માટે જ નહીં પણ સમગ્ર માનવજાત માટે હતો તેવું હવે સૌને લાગવા માંડયું છે.

ગાંધીજીના ૧૨૫ મી અને વિનોબાજીની ૧૦૦ મી જન્મજયંતી-ના સુભગ અવસરે ગુજરાતના સાવરકુંડલામાં તા. ૧૧-૧૨-૧૩ નવેમ્બર '૯૪ના દિવસોમાં અખિલ ભારત સર્વોદય સમાજ સંમેલન યોજાયું ને દેશના ખૂણેખૂણેથી ગાંધીજનો એકત્ર થયા. તે ટાણે સંમેલનનું ચાવીરૂપ પ્રવચન ગુજરાતના ગાંધીવિચારના ચિંતક અને ભૂમિપુત્રના સંપાદક કાંતિભાઈ શાહને સોંપાયું. તેમનું આ પ્રવચન પલટાતી દુનિયામાં ગાંધીનો વિચાર રજૂ કરી તે રસ્તે પાછા વળવા માટેનાં ક્રમિક પગલાં પણ રજૂ કરે છે.

'ભૂમિપુત્ર'માં પૂરેપૂરું તે છપા[illegible] તરફથી તેની પુસ્તિકાની માગણી [illegible] જનતા માટે વાજબી કીમતે તેનું [illegible] છે કે સૌ તેને આવકારશે.

ભૂમિપુત્ર, હુજરાતપાગા,
વડોદરા-૧ તા. ૧-૧-૯૫

—જગદીશ શાહ

કીમત બે રૂ[illegible]

Library IIAS, Shimla
GJ 891.474 SH 136 P
00130374

SABARMATI ASHRAM
000752 Ahmedabad
PALTATI DUNIYAMA
GANDHI GUJ.
MRP : Rs. 2